દાંતા તાલુકાની નદીમાં ફસાયેલ યુવકનું એનડીઆરએફની ટીમ દ્વારા સફળતાપૂર્વક રેસ્ક્યુ

બનાસકાંઠામાં ભારે વરસાદની આગાહી સાથે આજે અંબાજી અને અરવલ્લીમાં ભારે વરસાદ ખાબકતા બનાસકાંઠા જિલ્લાના દાંતા વિસ્તારમાં નાની મોટી નદીઓ સજીવન થઈ જવા પામી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,કેટલીક નદીમાં એકાએક પાણીનો પ્રવાહ વધી જવા પામ્યો હતો. ત્યારે દાંતા તાલુકામાં મગવાસ ગામે નદીમાં એક યુવાન ફસાયો હોવાની માહિતી આપત્તિ વ્યવસ્થાપનને મળતા દાંતા તાલુકાના મગરવાસ મા એનડીઆરએફની ટિમ મોકલીને દાંતાના ઝામરુ ગામે રહેતા ૨૬ વર્ષના જેનીશ સોનાભાઈ તરાલ નામના યુવાન ને એનડીઆરએફની ટિમ દ્વારા સફળતા પૂર્વક રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું.

શેઠ.પી.એન્ડર આર હાઈસ્કુલ ખાતે વંદે ગુજરાત વિકાસ કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વંદે ગુજરાત વિકાસ યાત્રા કાર્યક્રમની ઉજવણી કરાઈ હતી જેમા વિધ્યાર્થીનીઓ દ્વારા રથનું કંકુ તિલક કરી સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ નગરજનોએ ગુજરાતમાં થયેલા વિકાસ કાર્યો અંગેની ફિલ્મ નિહાળી હતી.ગુજરાતભર માં વંદે ગુજરાત વિકાસ યાત્રાની ઉજવણી થઈ રહી છેજેના ભાગરૂપે આજે પ્રાંતિજ ખાતે વંદે ગુજરાત વિકાસ યાત્રા રથ નગરપાલિકા સંચાલિત શેઠ.પીએન્ડ આર હાઈસ્કુલ ખાતે આવી પહોચ્યો હતો અને વંદે ગુજરાત વિકાસ યાત્રા કાર્યક્રમ ની ઉજવણી કરવામા આવી હતી તો શાળાની વિધ્યાર્થીનીઓ દ્વારા રથને કંકુ તિલક કરી સ્વાગત કરવામાં આવ્યું હતું ઉપસ્થિત મહેમાનો ના સ્વાગત બાદ નગરજનોએ ગુજરાતમાં થયેલા વિકાસ કાર્યો અંગેની ફિલ્મ નિહાળી હતી તો નગરપાલિકા ના પ્રમુખ દિપકભાઈ કડીયા અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં સરકાર ની વિવિધ યોજનાના લાભાર્થીઓને કિટ વિતરણ કરવામા આવી હતી જેમ કે આયુષ્માન ભારત, એમ.એમ.વાય યોજના, ખેડૂતોને વીજ જોડાણ અંગેના પ્રમાણપત્ર તેમજ આંગણવાડીના બાળકોને કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો તો આ કાર્યક્રમ મા નગરપાલિકાના પ્રમુખ દિપકભાઈ કડીયા, તાલુકા વિકાસ અધિકારી નિતીનભાઈ ચૌધરી, નગરપાલિકા ચીફ ઓફિસર પ્રાર્થના બેન રાઠોડ, પ્રાંતિજ ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, નગર પાલિકા પૂર્વ પ્રમુખ ગીરીશભાઈ પટેલ, ગીતાબેન પટેલ, નગરપાલિકા કોર્પોરેટર નયનભાઈ દેસાઈ, રાજેશભાઈ ટેકવાણી, મહેબુબ ભાઈ બલોચ ઉપસ્થિત રહ્યા હતા તો સંજય ભાઈ પટેલ , મહેશભાઈ, કુશવ ભાઈ બ્રહ્મભટ્ટ, વિપુલભાઈ ભોઈ સહિત ભાજપ કાર્યકરો આગેવાનો શાળાના આચાર્ય સ્ટાફ સહિત નગરજનો સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.

૧૦ કરોડના રોડમાં ભ્રષ્ટાચાર...!! ડબ્બામાં ૧-૧ રૂપિયો લોકો પાસેથી ઉઘરાવી જાગૃત નાગરિક ભ્રષ્ટ અધિકારીઓને આપવા ઉઘરાવ્યા

ગુજરાત સરકારના વિભાગો તેમજ બોર્ડ કોર્પોરેશનમાં ભ્રષ્ટાચાર દૂર કરવો કઠિન બનતો જાય છે. સરકારી ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓની ચેનલના કારણે લાંચ લેવાનું પ્રમાણ વધી રહ્યું છે. કર્મચારીઓ અને અધિકારીઓની મિલીભગતના કારણે ગુજરાત સમગ્ર દેશમાં ભ્રષ્ટાચારી રાજ્ય તરીકે મોખરાનું સ્થાન પ્રાપ્ત કરે તો નવાઈ નહીં કેન્દ્ર અને રાજ્ય સરકાર અબજો રૂપિયા ગુજરાતના વિકાસ માટે ફાળવી રહી છે. બાયડનો ઓઢા-ગાબટ રોડ ૧૦ કરોડ રૂપિયા જેટલી માતબર રકમમાંથી રોડ પ્રથમ વરસાદમાં જ રોડ પર તિરાડો પડી જતા અને બેસી જતા જાગૃત નાગરિકોએ રોડ પર બેસણું યોજાતા વાહનચાલકો અને લોકોમાં ભારે અચરજ ફેલાયું હતું ત્યારે રોડના કામમાં તંત્રના અધિકારીઓ કોન્ટ્રાકટર અને પદાધિકારીઓની મીલીભગત થી રોડના નિર્માણમાં ભારે ભ્રષ્ટાચાર આદરવામાં આવ્યો હોવાના આક્ષેપ સાથે એક જાગૃત નાગરિકે જાહેરસ્થળોએ અને રોડ પર પતરાના ડબ્બામાં એક એક રૂપિયાનો ફાળો ઉઘરાવી રોડના કામમાં ભ્રષ્ટાચાર કરનાર અધિકારીઓને આપવા માટે ગાંધીનગર રાજ્ય સરકારને લોક ફાળો આપવા જવાનું જણાવ્યું હતું જાગૃત નાગરિકે ભ્રષ્ટાચાર ઉજાગર કરવા નવો હથકંડો અપનાવતા લોકોમાં ભારે અચરજ ફેલાયું છે.

બનાસકાંઠા જિલ્લામાં ૫ દિવસ ભારે વરસાદની આગાહી : જિલ્લામાં અત્યાર સુધી માત્ર ૩૫.૮૪ ટકા વરસાદ



હવામાન વિભાગ દ્વારા બનાસકાંઠા જિલ્લામાં આગામી પાંચ દિવસ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેને લઇ જિલ્લાનું વહીવટીતંત્ર પણ એલર્ટ થઈ ગયું છે. ભારે વરસાદને લઈ કોઈ મોટી હોનારત ન સર્જાય તે માટે પાલનપુર ડિઝાસ્ટર મામલતદારે જિલ્લાના તમામ નાયબ કલેક્ટર, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, ચીફ ઓફિસર અને લાઈઝન અધિકારીઓને પરવાનગી સિવાય હેડ કવાર્ટર ન છોડવા માટેનો આદેશ આપ્યો છે. તેમજ કોઈ જગ્યાએ ભારે વરસાદના કારણે કોઈ જાનહાનિ કે જાનમાલને નુકસાન થાય તો તાત્કાલિક સ્થળ તપાસ કરી નિયમો અનુસાર આગળની કાર્યવાહી કરવા માટે લેખિત જાણ કરવામાં આવી છે. જિલ્લા અત્યાર સુધીમાં ૩૫.૮૪ ટકા એવરેજ વરસાદ નોંધાયો છે જેમાં અમીરગઢમાં ૩૬.૧૫ ટકા, કાંકરેજમાં ૩૭.૨૯ ટકા, ડીસામાં ૩૪.૪૭ ટકા, થરાદમાં ૨૬.૩૭ ટકા, દાંતામાં ૪૫.૩ ટકા, દાંતીવાડામાં ૩૧.૫૬ ટકા, દિયોદરમાં ૪૬.૧૦ ટકા, ધાનેરામાં ૧૨.૨૯ ટકા, પાલનપુરમાં ૩૪.૧૧ ટકા, ભાભરમાં ૪૧.૯૬ ટકા, લાખણીમાં ૧૭.૯૯ ટકા, વડગામમાં ૪૫.૧૦ ટકા, વાવમાં ૩૦.૮૨ ટકા અને સુઈગામમાં ૫૩.૭૩ એવરેજ વરસાદ નોંધાયો છે.

આકરૂન્દ હાઈસ્કુલના પ્રા. વિભાગના બાળકોનો અદ્‌ભૂત ફેશન શો યોજાયો

વેસ્ટમાંથી અનેક બેસ્ટ આઈટમો બનાવી વાલીઓના દિલ જીત્યા : એકપણ રૂપિયાની ફી લીધા વગર મફત શિક્ષણ આપતી રાજ્યની એકમાત્ર શાળા

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૦

ધનસુરા તાલુકાની આકરૂન્દ હાઈસ્કુલના પ્રા. વિભાગમાં

બુધવારે ધો.૧ થી ૮ માં અભ્યાસ કરતા બાળકોનો અદ્‌ભૂત ફેશન શો યોજાયો હતો. બાળકોએ વેસ્ટમાંથી અનેક બેસ્ટ આઈટમ બનાવી પોતાનામાં રહેલી સુષુપ્ત શક્તિઓનો સૌને પરિચય કરાવવાની સાથે વાલીઓના દિલ જીતી લીધા હતા. રાજ્યમાં સ્વનિર્ભર શાળાઓ વાલીઓ પાસેથી તગડી ફી વસુલતી હોય છે ત્યારે આકરૂન્દ હાઈસ્કુલના પ્રા. વિભાગમાં ધો.૧ થી ૫ માં એકપણ રૂપિયાની ફી લીધા વગર શિક્ષણ આપવામાં આવે છે અને મફત શિક્ષણ આપતી રાજ્યની એકમાત્ર શાળા હોવાનું પંથકની પ્રજા ગૌરવ લઈ રહી છે.

બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને સમયસર બહાર લાવવામાં આવે તો જ ધાર્યું પરિણામ મળતું હોય છે. આજકાલ સુખી-સંપન્ન વાલી પોતાનું સંતાન કળકળાટ અંગ્રેજી બોલે, સારા ગુણ મેળવે તેમાં રૂચિ રાખે છે અને જ્યારે બોર્ડ પરિણામ આવે ત્યારે ધબડકા જેવી સ્થિતિ જોવા મળતી હોય છે. ત્યારે ધનસુરા તાલુકાની આકરૂન્દ હાઈસ્કુલ સંલગ્ન પ્રા. વિભાગમાં બાળકોને કળકળાટ અંગ્રેજી બોલતાં શીખવાની સાથે ગુણવત્તા યુક્ત શિક્ષણ અને તેમનામાં રહેલી નૈસર્ગિક શક્તિઓ બહાર લાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. તા.૨૦ જુલાઈના રોજ આકરૂન્દ હાઈસ્કુલ પ્રા. વિભાગના આચાર્ય ગીતાબેન પટેલ, કો.ઓર્ડીનેટર તુષારભાઈ પટેલ, અનંતભાઈ યાદવ, રીષાબેન દેસાઈ, હીનાબેન દેસાઈ, પરેશભાઈ કૃપેનભાઈ પ્રજાપતિ, ઈલાબેન, સેજલબેન સહિતના સ્ટાફ દ્વારા ફેશન શો સહિત વેસ્ટમાંથી બેસ્ટ આઈટમ કેવી રીતે બનાવી શકાય તેને લગતા બે કલાકના કાર્યક્રમનું આયોજન કર્યું હતું જેમાં મોટી સંખ્યામાં વાલીઓ તેમજ શાળાના ભૂતપૂર્વ શિક્ષક વગેરે ઉપસ્થિત રહ્યા હતા. બાળકોએ અદ્‌ભૂત ફેશન શો યોજીને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. આકરૂન્દ હાઈસ્કુલના પ્રા. વિભાગના બાળકોમાં રહેલા કૌશલ્યને આકરૂન્દ કેળવણી મંડળના ઉપપ્રમુખ મહેશભાઈ હીરૂભાઈ પટેલ, દિનેશભાઈ હિંમતભાઈ પટેલ, વિનોદભાઈ ધનજીભાઈ પટેલ, મંત્રી હસમુખભાઈ એન. પટેલ, સહમંત્રી અલ્પાબેન નિતીનભાઈ બારોટ, ઈશ્વરભાઈ સી. દેસાઈ, વિનોદચંદ્ર મણીલાલ શાહ, કોષાધ્યક્ષ જયેશભાઈ આર. ગોસ્વામી, આંતરીક ઓડીટર ઈશ્વરભાઈ કચરાભાઈ પ્રજાપતિ,

શાળાના આચાર્ય જે.ડી.ભાટી, શિક્ષણ કો.ઓર્ડીનેટર પંકજભાઈ કટારા તથા શાળા સ્ટાફે બિરદાવ્યું હતું.

ગુણવત્તાયુક્ત શિક્ષણથી સંતોષ...

આકરૂન્દ હાઈસ્કુલના પ્રા. વિભાગની વાલી મીટીંગ અને વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિ બહાર લાવવા માટે યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત વાલીઓએ શાળામાં કરવામાં આવતી શૈક્ષણિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓથી સંપૂર્ણ સંતોષ વ્યક્ત કરવાની સાથે કાર્યક્રમનું દમદાર આયોજન કરનાર શાળા સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

ઉત્તર ગુજરાતના કરાર આધારીત ૩૦૦ કર્મચારીઓની સમાન કામ, સમાન વેતન અંગે મુખ્યમંત્રીને રજૂઆત

કર્મચારીઓ ગાંધીનગર જતાં જિલ્લા કક્ષાની કામગીરીને માઠી અસર

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૦

ઉત્તર ગુજરાતમાં ગ્રામ વિકાસ એજન્સી તાબાની વિવિધ કચેરીઓમાં કરાર આધારીત ફરજ બજાવતા કર્મચારીઓને સમાન કામ, સમાન વેતન ન મળતાં ૩૦૦થી વધુ કર્મચારીઓએ ગાંધીનગર પહોંચી મુખ્ય મંત્રીના દરબારમાં ઉગ્ર રજૂઆત કરી છે. રાજ્યના ૧૦૦૦થી વધુ કર્મચારીઓ અન્યાય મુદે મોરચો માંડ્યો હતો.

પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સી તાબાની કચેરીઓમાં ગ્રામ સેવક, વિસ્તરણ અધિકારી, સીનીયર કલાર્ક, હિસાબનીશ અને ટેકનીકલની જગ્યા ઉપર જિલ્લા તથા તાલુકા, ગ્રામ્ય કક્ષાએ મહેકમની કાયમી જગ્યા ઉપર

વર્ષ-૨૦૦૭ થી મામૂલી પગાર ઉપર ફરજ બજાવી રહ્યા છે અને અત્યાર સુધીમાં વધતી મોંઘવારી છતાં યોગ્ય પગાર મળતો નથી. સરકારની ફિક્સ પગાર નીતિ મુજબ સમાન હોદા માટે મળતો ફિક્સ પગાર અને મળતી સવલતો ગ્રામ વિકાસ મહેકમના ૧૧મા કરાર આધારીત કર્મચારીઓને પણ મળે તે માટે જિલ્લા કક્ષાએ તેમજ તાલુકા કક્ષાએ રજૂઆત પછી પણ યોગ્ય હલ ન મળતાં મંગળવારે ઉત્તર ગુજરાતના ૩૦૦ સહિત રાજ્યના ૧૦૦૦થી વધુ કરાર આધારીત કર્મચારીઓએ સમાન કામ, સમાન વેતન કાયમી કર્મચારીઓને મળતા લાભ આપવા, ૫ વર્ષ પુરા કરેલ કર્મચારીને કાયમી કરવા, ૩ મહિનાથી વધુના ચાર્જ માટે સમાન હોદામાં ૫ ટકા અને ઉચ્ચ હોદ્દા માટે ૧૦ ટકા ચાર્જ એલાઉન્સ અને ૧૧ માસ કરાર આધારીત કર્મચારીઓને હાલ પિતૃત્વની રજાઓ મળતી નથી તે આપવા સરકારની વિવિધ નીતીઓ મુજબ ખાનગી કંપનીઓમાં પણ પી.એફ ની જોગવાઈ હોય છે તેવી યોજનાનો લાભ આપવો અને એક મહત્વની જોગવાઈ ઈ.એસ.આઈ.સી.નો પણ લાભ આપવા સાથેની માંગ સાથે મુખ્ય મંત્રીના દરબારમાં પહોંચીને રજૂઆત કરતાં હલચલ મચી ગઈ છે. કરાર આધારીત કર્મચારીઓને પણ તેનો લાભ મળવો જોઈએ તેવી બુલંદ માંગ આજે ગાંધીનગરની ભૂમિ ઉપર સાંભળવા મળી હતી.

'આજના યુવાનો તમને ખબર નથી કોંગ્રેસરાજમાં લતીફ અમદાવાદથી ૫ જગ્યાએ ચૂંટાતો હતો....'

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....?

બાયડ તા.૨૦

આજના ગુજરાતી યુવાનને ૧૯૮૦-૧૦૯૦ નો સમય ક્યાંથી ખબર હોય??? આજના યુવાનો તમારા મા-બાપને પૂછી લયો કે ૧૯૮૦-૧૯૯૦ માં કોઈ માબાપ તેમના દીકરા દીકરીને અમદાવાદ મોકલવવા તૈયાર નહોતા!! "અમે તો તે સમયના સાક્ષી છીએ કે ત્યારે લતીફની ગુંડા ગેંગ અમદાવાદ ઉપર રાજ કરતી હતી. ફાવે ત્યારે અમદાવાદ બંધ અને કરફ્યુ લાગી જતો, અને ત્યારે કોંગ્રેસની અમરસિંહભાઈની સરકાર હતી. કોંગ્રેસના માધવસિંહ સોલંકીએ આવા લતીફ જેવા ડઝનેક સાપોલિયાનો ઉછેર કર્યો જે અમરસિંહ સરકારે ઉછેરીને સાપ બનાવી દીધા..." ૧૯૮૪-૮૫ વર્ષની આજના યુવાનોને ક્યાંથી ખબર હોય અમદાવાદમાં ૩૬૫ દિવસના વર્ષમાં ૨૦૦ દિવસ અમદાવાદ બંધ હતું.... છાસવારે કરફ્યુ થઈ જતો અને ત્યારે કોંગ્રેસનું શાસન હતું.... ભયનું, આતંકનું, ડરનું, બીકનું ગુજરાત ક્યાંથી આજના યુવાનને ખબર હોય??? અરે...આપ અને કેજરીવાલ તો કોંગ્રેસથી પણ વધુ ખતરનાક છે... આજના યુવાનોએ ૧૯૮૦-૧૯૯૦ ના વર્ષના ગુજરાતના ઈતિહાસને જરૂર ભણવો પડશે....

જેલમાં બેઠા બેઠાં કોંગ્રેસ સરકારની મીઠી નજરથી લતીફ નામનો ગુંડો ૫ જગ્યાએથી કોર્પોરેશનની ચૂંટણી જીતી જતો હોય તે કોંગ્રેસનું હું શું વર્ણન કરું?? આજે સમાજમાં વર્ગ વિગ્રહ કરનાર કોંગ્રેસનો ઈતિહાસ આજનો યુવાન ક્યાં જાણે છે??? "ખામ" થિયરી લાવીને કોંગ્રેસ જનતાને ગુમરાહ કરી રહી હતી... ક્ષત્રિય, હરિજન, આદિવાસી, મુસ્લિમને ગુમરાહ કરી સત્તા કરવાની લાલસા કોંગ્રેસની હતી પણ તે થિયરી ઉપર પર્દાફાશ થઈ ગયો!! શુ કોંગ્રેસ આ તમામ લોકોને ડફોળ સમજે છે?? કોંગ્રેસ સૌને ડફોળ સમજવાની ભૂલ કરે છે અને એટલેજ તે અધઃપતનની રાહ ઉપર છે... બાજપેયીજીએ મુસ્લિમ અબ્દુલ કલામજીને રાષ્ટ્રના રાષ્ટ્રપતિ બનાવ્યા, મોદીજી આદિવાસી મહિલા દ્રૌપદી મુર્મૂને રાષ્ટ્રપતિ તરીકે ઈચ્છે છે તો કોંગ્રેસ કેવી રીતે કહી શકે કે ભાજપ આદિવાસી અથવા મુસ્લિમ વિરોધી છે??? ઉપ રાષ્ટ્રપતિ પદે કિશાન નેતા જગદીપ ધનખડની પસંદગી કરવી એ ભાજપની ભૂલ છે???

કોંગ્રેસ તેના શાશનમાં લતીફ જેવા ગુંડાને એક નહિ પણ પાંચ પાંચ સીટ ઉપરથી ચૂંટણી લડાવતી હોય તો તેનાથી નીચ હરકત બીજી કઈ હોઈ શકે?? આજના યુવાનોએ કોંગ્રેસની નીચ હરકતો જોઈજ નથી... કોંગ્રેસનો સાચો ચહેરો જોવો હોય તો ગુજરાતનો ૧૯૮૦ થી ૧૯૯૦ નો ઈતિહાસ વાંચી લ્યો!! આજના મારા જેવા લાખો લોકોને કોંગ્રેસ પ્રત્યેની નફરતનું કારણ પણ એજ છે.... પટેલ લોકોને ટીપું તેલ લેતા કરી દઈશ એ માધવસિંહ સોલંકી અને કોંગ્રેસની ભાષા હતી તે આજના યુવાનોને ખબર નથી!! ભાજપે ક્યારેય આદિવાસી, પટેલ, ક્ષત્રિય, મુસ્લિમ કે ઓબીસીની વાત નથી કરી પણ દરેક સમાજના હિતની વાત કરી છે... કેજરીવાલ મફતનું આપવાની વાત કરીને ગુજરાતી યુવાનને ભમરાવે છે પણ શું મફતમાં ક્યાંય કશુંય મળી શકે? ભાઈ, કોંગ્રેસ હોય કે આપ કોઈને આપણી પડી નથી, તેઓ સિર્ફ એટલું જ ઈચ્છે છે કે મોદીને સત્તા ઉપરથી હટાવો!! પણ, આજના ભારતને મોદીની જરૂર છે... ખૂબ જરૂર છે....

કેજરીવાલની વાતોમાં ગુમરાહ થવાની જરૂર નથી, કોંગ્રેસમાં બિલકુલ દમ નથી ત્યારે મોદીજી દેશહિત માટે જે કરી રહ્યા છે તેમા સમર્થન આપીએ એમાજ આપણી ભલાઈ છે... આજે ગુજરાત જે લેવલ ઉપર છે ત્યાંથી ગણે આગળ જવાની જરૂર છે તે વાત સાચી છે પણ મોદીજી પહેલા ગુજરાત ક્યાં અને કેવી સ્થિતિમાં હતું તેનો થોડોક અભ્યાસ આજના યુવાનોએ જરૂર કરવો જોઈએ... વગડામાં ટોયલેટ જતા માબાપને પૂછવું જોઈએ, પાણી માટે ડોલ લઈને લાઈનમાં ઉભા રહેલા ફોઈ અને કાકીને પૂછવું જોઈએ... લતીફ જાણે ગુજરાતનો ભગવાન હોય અને તેના વગર ગુજરાતમાં પત્તુ પણ ના પલટી શકે તે જાણતા આપણા કાકા બાપાને પણ આજના યુવાનોએ જરૂર પૂછવું જોઈએ... આ બધું જાણ્યા પછી કોંગ્રેસનું નામ લખવાનું પણ મન નહિ થાય તેવા કસમ આ લોકોએ કર્યા છે, આપનું પાપ પણ આજના સ્માર્ટ યુવાનોએ ઓળખવુ જોઈએ.... થર્ડ અમ્પાયરની વિનંતી છે કે તમે કોંગ્રેસ, આપ, ભાજપ તમામને ઓળખો પછી જ નક્કી કરો કે કોણ ગુજરાતનો વિકાસ કરી શકશે!!

મેઘરજ તાલુકાના પીપળીયા ગામે તળાવ ફાટવાની વાત ફકત અફવા : મામલતદારે ઘટનાસ્થળની મુલાકાત કરી

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લામાં સાંબેલાધાર વરસાદથી તારાજીના દ્રશ્યો સામે આવી રહ્યા છે, જેમાં મેઘરજ અને ભિલોડા પંથકમાં પાણી ભરાઈ જવાના દ્રશ્યો સામે આવ્યા હતા, ત્યારે આ વચ્ચે મેઘરજ પંથકમાં તળાવ ફાટવાની ઘટના વહેતી થઈ હતી, જો કે આ ઘટના અફવા સાહિત થઈ હોવાનું જિલ્લા વહીવટી તંત્રએ જણાવ્યું છે. અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના પીપળીયા ગામે તળાવ ફળ્યું હોવાની વાત વિવિધ સમાચાર માધ્યમો દ્વારા પ્રકાશિત કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને જોતા જિલ્લા વહીવટી તંત્ર કરી જાત તપાસ.મેઘરજ મામલતદાર સહિત તાલુકા કક્ષાની ટીમે પીપળીયા ખાતે તળાવની જાણ મુલાકાત કરી. હાલ આ તળાવ સહી સલામત છે. અહી કોઈ પણ પ્રકારની દુઘટર્ના સર્જાય તેવી પરિસ્થિતિ નથી તેવું જાણવા મળ્યું. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લોકો અને મીડિયાને અપીલ કરવામાં આવે છે કે આ પ્રકારની અફવા ફેલાવવી નહીં. જિલ્લાની જનતાને ધ્યાન દોરવામાં આવે છે કે આ પ્રકારની અફવામાં ભોળવાવું નહીં. ખોટી અરાજકતા ન ફેલાય તે આપણી સૌની જવાબદારી છે. અત્રે ઉલ્લેખનિય છે કે, મેઘરજ પંથકમાં ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની ઘટનાઓ સામે આવી હતી, ત્યારે આ વચ્ચે તળાવ ફાટવાની ઘટનાને લઈને તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી જોકે તળાવ ફાટવાની ઘટના અફવા સાહિત થઈ હોવાનું તાલુકા વહીવટી તંત્રએ જણાવ્યું હતું.

બનાસકાંઠાના લાખણીમાં યુથ કોંગ્રેસ દ્વારા બેરોજગારી મોંઘવારી મુદ્દે વિરોધ પ્રદર્શન કરી હલ્લાબોલ

પાલનપુર તા.૨૦

રાજ્યના સરહદી જિલ્લા બનાસકાંઠામાં કુદકે અને પુસકે વધી રહેલી મોંઘવારીનો ઉગ્ર વિરોધ કરવા કોંગ્રેસના ધારાસભ્યો અને યુથ કોંગ્રેસ અને કાર્યકર્તાઓ સહિત આમ જનતાએ રાજ્યની અને કેન્દ્રની સરકાર સામે ભારે વિરોધ દર્શાવ્યો હતો. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, બેનરો સાથે વિરોધ પરદર્શન કરવા જતાં ધારાસભ્ય ગુલાબસિહ રાજપૂત અને શિવાભાઈ ભુરિયા ની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. ગેસના બાટલા અને તેલ ના ડબ્બા મોંઘવારી ના વિવિધ બેનરો સાથે કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવા માં આવતા લોકોમાં પણ ઉગ્ર આક્રોશ જોવા મળ્યો હતો.કોંગ્રેસ દ્વારા ઢોલ વગાડી રેલી યોજી લાખણી મામલતદાર ને આવેદન પત્ર આપવા જતા કોંગ્રેસના ધારાસભ્યોને કાર્યકર્તાઓને પોલીસ સાથે ભારે ઘર્ષણના દ્રશ્યો જોવા મળ્યા હતા. આ પ્રસંગે દિયોદર ના ધારાસભ્ય શિવાભાઈ ભુરીયા અને થરાદ ના ધારાસભ્ય ગુલાબસિંહ રાજપૂત લાખણી તાલુકા કોંગ્રેસ પ્રમુખ ધુડાભાઈ પટેલ, બનાસકાંઠા જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ સિદ્ધરાજસિહ ચૌહાણ અને ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસ મહામંત્રી જયેશ કરમટા, અંકિતા ઠાકોર, ગીતાબેન નાઈ સંજયભાઈ દેસાઈ અને બનાસકાંઠા જિલ્લા યુથ કોંગ્રેસ મહામંત્રી તેજાભાઈ દેસાઈ ગોઢા,આર.કે.સોઢા, કુલદિપ ગૌસ્વામી નરસિંહ કાલોર દિયોદર વિધાનસભા યુથ પ્રમુખ સુરેશ ગળસોર, ડીસા વિધાનસભા પ્રમુખ પ્રકાશ દેસાઈ થરાદ યુથ પ્રમુખ અલ્પેશ જોષી સહિત ડેલીગેટો હોદેદારો અને બહોળી સંખ્યામાં જાહેર જનતા જોડાઈ હતી.

ગાંભોઈ હાઈવે બસ સ્ટેશનના સર્વિસ માર્ગો પર ગાબડા પડતા વાહનચાલકો પરેશાન...

દરરોજ વાહનો ખોટવાતા ટ્રાફિકજામ... : અકસ્માતોના બનાવો વધ્યા...

ગાંભોઈ, તા.૨૦

હિંમતનગર-શામળાજી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરના ગાંભોઈ ગામે ડાયવર્ઝન માટે આપેલ સર્વિસ માર્ગો પર ચોમાસાના પ્રથમ વરસાદમાં જ ઠેરઠેર મોટા ગાબડા પડતા આ માર્ગ પર રોજિંદા અવરજવર કરતા વાહનો માટે આ માર્ગો જોખમી બન્યા છે. ગાંભોઈ ગામે પસાર થતાં નેશનલ હાઈવેના સિક્સ લેન નવીનીકરણ માટે ગાંભોઈ બસ સ્ટેશન વિસ્તારમાં ઓવરબ્રિજની કામગીરી હાલ ચાલી રહી છે. આ કામગીરી દરમિયાન ભિલોડાથી આવતા અને હિંમતનગર તેમજ શામળાજી તરફ જતા વાહનો માટે ગાંભોઈ બસ સ્ટેશન પાસે ત્રણ રસ્તા પર હાઈવે માર્ગની બંને બાજુ

સર્વિસ માર્ગો પર ડાઈવર્ઝન આપેલ છે પરંતુ તાજેતરમાં પડેલ ભારે વરસાદના કારણે વરસાદી પાણીથી ધોવાઈ જઈ ઠેરઠેર ગાબડાં પડી ગયા છે. જેનું સમારકામ સત્વરે ન કરાતાં આ ડાઈવર્ઝન સર્વિસ માર્ગો પર પસાર થતા રોજિંદા હજારો વાહનો માટે આ માર્ગો જોખમી બન્યા છે. આ ખખડધજ બની ગયેલો માર્ગના કારણે વારંવાર વાહનો ખોટવાઈ જતા ટ્રાફિક જામ થઈ જતો હોય છે. જે કારણે વાહનોની રોજેરોજ લાંબી કતારો લાગે છે. સર્વિસ માર્ગ પરના બસ સ્ટેશનના કારણે રાહદારીઓ અને મુસાફર જનતા અકસ્માતોનો ભોગ બને છે. હાઈવેના નવીનીકરણ માટે ચાલી રહેલા બાંધકામ કામગીરીના જવાબદાર હાઈવે ઓથોરિટીના ઈજારદાર કોન્ટ્રાક્ટર કંપનીની બેદરકારીને કારણે ફરજમાં આવતા આ માર્ગનું સમારકામ કરવામાં ઢીલી નીતિ અપનાવતાં તેમજ ગામડા પુરવામાં ડામર કામ કરવાને બદલે કાચું મટીરીયલ નાખી વેઠ ઉતારતાં આ સર્વિસ માર્ગો વારંવાર તૂટી જાય છે.

બેંક ઓફ બરોડા ના ૧૧ પવર્ષ પૂર્ણ થતા વી એસ પ્રા શાળા ને ૨૫૦૦ રૂપિયાનું અનુદાન આપવામાં આવ્યું બેંક મેનેજર અભિષેક કમલા દ્વારા મંડળ ના પ્રમુખ ને નિલેશભાઈ જોશીને ચેક અર્પણ કરવામાં આવ્યો સાથે સાથે બાળકોને બેંક કર્મચારીઓ દ્વારા શૈક્ષણિક કીટ આપવામાં આવી બેંક કર્મચારી દીપા મેડમ દ્વારા બેંક માં ચાલતી વિવિધ કામગીરી સમજવામાં આવી

જન્મદિને વધામણી

વિશાલ નટવરભાઈ પટેલ
પત્રકાર ગાંભોઈ
મો. ૯૪૨૮૭૭૪૦૨૨
મું.રૂપાલકંપા,
તા.હિંમતનગર,
જી.સાબરકાંઠા.